**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** **સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૨૨ – ૫ – ૨૦૦૮**

સિન્ડિકેટની તાકીદની સભા ગુરૂવાર, તા. ૨૨–૫–૨૦૦૮ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૨૨–૫–૨૦૦૮ |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (મા. કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ. બાબુલાલ એ. પ્રજાપતિ (મા. ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | ગેરહાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | ગેરહાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |

૧. સૌરાષ્ટ્ર એજયુકેશન ટ્રસ્ટ, અમરોલીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯થી નવી સરદાર પટેલ બી.એડ્. કોલેજ (અંગ્રેજી માધ્યમ), સુરતનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯–૦૩–૨૦૦૮ના રોજ મોકલેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૩૪) અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે.

**<u>એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૦૩–૨૦૦૮ની સભાની ભાલમણ ક્રમાંકઃ (૩૪)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર એજયુકેશન ટ્રસ્ટ, અમરોલીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯ માટે એક વર્ગનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલને ધ્યાને લઈ પુન : ચકાસણી સમિતિનો અહેવાલ આવ્યા બાદ તથા **N.C.T.E.** ની મંજૂરી મળ્યેથી જોડાણ આપવા અન્યથાં ૨૫ જુલાઈ સુધી માં યુનિવર્સિટીને **N.C.T.E.** ની મંજૂરીનો પત્ર મળે તો આ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯માં પ્રવેશ આપવા, અન્યથા પ્રવેશ આપવા નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પુનઃચકાસણી સમિતિનો અહેવાલ હકારાત્મક હોઈ તો એકેડેમિક કાઉન્સિલવતી તે ગ્રાહય રાખવાની મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે એમ ઠરાવતાં ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર એજયુકેશન ટ્રસ્ટ, અમરોલીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯ માટે એક વર્ગનું નવું જોડાણ અંગે પુન : ચકાસણી સમીતીનો અહેવાલનો સ્વીકાર કરી રાજય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શિક્ષકોના પ્રમાણમાં તમામ એજયુકેશન કોલેજોમાં વિદ્યાર્થીઓ ફાળવવા.

૨. કમલા કોલેજ ઓફ એજયુકેશન (અંગ્રેજી માધ્યમ), ખોલવડ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષ: ૨૦૦૮–૦૯ માટે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંક: (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર તપાસ કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૯/૦૩/૨૦૦૮ના રોજ મોકલેલ સભાના ઠરાવ ક્રમાંક: (૩૮) અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે.

**એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૦૩–૨૦૦૮ની સભાની ભાલમણ ક્રમાંક: (૩૮)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કમલા કોલેજ ઓફ એજયુકેશન (અંગ્રેજી માધ્યમ), ખોલવડ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષ: ૨૦૦૮–૦૯ માટે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંક: (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોનું યર્થાથ પરિપાલન થયા અંગેની ચકાસણી માટે સ્થાનિક તપાસસમિતિનાં સભ્યો જ પુનઃ ચકાસણી સમિતિનાં સભ્યો રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પુનઃચકાસણી સમિતિનો અહેવાલ હકારાત્મક હોઈ તો એકેડેમિક કાઉન્સિલવતી તે ગ્રાહય રાખવાની મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. એમ ઠરાવતાં ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**શરતો:**

**(૧) એડહોક અધ્યાપકોની જગ્યાએ યુનિવર્સિટીના ધારા–ધોરણો પ્રમાણે પાત્રતા ધરાવતાં અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવે.**

**(૨) હાલમાં કાર્યરત, પસંદગી પામેલ અધ્યાપકોની વહીવટી મંજૂરી યુનિવર્સિટીમાંથી તાત્કાલિક મેળવી લેવામાં આવે અને ત્યારબાદ તેમની સર્વિસબુક જાળવવામાં આવે.**

**(૩) ગ્રંથાલય રજિસ્ટર, ઈસ્યુ રજિસ્ટર અને ગ્રંથાલય સંબંધિ અન્ય માહિતી અપડેટ કરવામાં આવે. કોલેજમાં વ્યવસ્થિત હિસાબો, ચોપડા રાખવામાં આવે. અને વિગતવાર પે બીલ અને પગાર રજિસ્ટર બનાવવામાં આવે.**

**(૪) બી.એડ કોલેજનાં મહેકમ પ્રમાણે શૈક્ષણિક અને વહિવટી સ્ટાફની નિમણૂંક પૂર્ણ કરવામાં આવે.**

**(૫) કોલેજનું વહિવટી માળખું / પાસું ખૂબ જ નબળુ જણાયું છે. તેથી જે તે સ્થાન પર કર્મચારીઓની યુનિવર્સિટીનાં નિયમ પ્રમાણે ભરતી કરી આ પાસાં ને સુધારવાની ખૂબ જ આશ્યકતા છે. જે પૂર્ણ કરવામાં આવે.**

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કમલા કોલેજ ઓફ એજયુકેશન (અંગ્રેજી માધ્યમ), ખોલવડ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષ: ૨૦૦૮–૦૯ માટે ચાલુ જોડાણ અંગે પુન : ચકાસણી સમિતીના અહેવાલનો સ્વીકાર કરી રાજય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સંસ્થા પાસેથી રૂા.૧૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર શરતોનું પરિપાલન કરવાની લેખિત બાહેંધરી લેવી.

3. શ્રી સર્વોદય શિક્ષણ મંડળ, સુરત દ્વારા સૂચિત નવી બેચલર ઓફ એજયુકેશન કોલેજ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે એક વર્ગનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંક:(૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર તપાસ કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૯–૦૩–૨૦૦૮ના રોજ મોકલેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૩૧) અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે.

**એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૦૩–૨૦૦૮ની સભાની ભાલમણ ક્રમાંકઃ (૩૧)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સર્વોદય શિક્ષણ મંડળ, સુરત દ્વારા સૂચિત નવી બેચલર ઓફ એજયુકેશન કોલેજ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે એક વર્ગનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા. ૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ માં જણાવેલ નીચેની શરતોનું યથાર્થ પરિપાલન કરવાની શરતે અને પુન : ચકાસણી સમિતિનો અહેવાલ આવ્યા બાદ તથા **N.C.T.E.** ની મંજૂરી મળ્યેથી જોડાણ આપવા અન્યથાં ૨૫ જુલાઈ સુધી માં યુનિવર્સિટીને **N.C.T.E.** ની મંજૂરીનો પત્ર મળે તો આ શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯માં પ્રવેશ આપવાં અન્યથા પ્રવેશ આપવા નહી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પુનઃચકાસણી સમિતિનો અહેવાલ હકારાત્મક હોઈ તો એકેડેમિક કાઉન્સિલવતી તે ગ્રાહય રાખવાની મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે એમ ઠરાવતાં ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સર્વોદય શિક્ષણ મંડળ, સુરત દ્વારા સૂચિત નવી બેચલર ઓફ એજયુકેશન કોલેજ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે એક વર્ગનું નવું જોડાણ મેળવવા અંગે પુન : ચકાસણી સમીતીના અહેવાલનો સ્વીકાર કરી રાજય સરકારને ભલામણ કરવી.

૪. ધીરજલાલ મગનલાલ ધ્રુવ શિક્ષણ મહાવિદ્યાલય, (બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન), સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર તપાસ કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ તપાસ કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯–૦૩–૨૦૦૮ના રોજ મોકલેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૪૦) અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે.

**એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૦૩–૨૦૦૮ની સભાની ભાલમણ ક્રમાંકઃ (૪૦)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ધીરજલાલ મગનલાલ ધ્રુવ શિક્ષણ મહાવિદ્યાલય, (બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન), સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોનું યર્થાથ પરિપાલન થયા અંગેની ચકાસણી માટે સ્થાનિક તપાસસમિતિનાં સભ્યો જ પુનઃ ચકાસણી સમિતિનાં સભ્યો રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પુનઃચકાસણી સમિતિનો અહેવાલ હકારાત્મક હોઈ તો એકેડેમિક કાઉન્સિલવતી તે ગ્રાહય રાખવાની મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે. એમ ઠરાવતાં ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**શરતોઃ**

**૧. યુનિવર્સિટીના નિયમો મુજબ પાત્રતા ધરાવતા આચાર્યની નિમણુંક કરવામાં આવે.**

**૨. એડહોક અધ્યાપકોની જગ્યાએ યુનિવર્સિટીના ધારા ધોરણો પ્રમાણે પાત્રતા ધરાવતા અધ્યાપકોની જરૂરી સંખ્યામાં નિમણુંક કરવામાં આવે.**

**૩. કોલેજમાં અલાયદા વર્ગખંડ, લાયબ્રેરી, સ્ટાફરૂમ, વહીવટી ઓફીસ, ગર્લ્સ રૂમ, કોલેજ સ્પેશ્યિલ એજ્યુકેશનની કોલેજ હોઈ પ્રેકટીકલ માટે અલગ લેબોરેટરીની વ્યવસ્થા કરવામાં આવે.**

**૪. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ મહેકમ મુજબ ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓની નિમણુંક કરવામાં આવે અને તેમને નિયમ મુજબ પગાર ચૂકવવામાં આવે.**

**૫. આ અભ્યાસક્રમમાં નવ વિષયો શીખવવા માટે ફકત બે અધ્યાપકોની એડહોક ધોરણે નિમણુંક થયેલ છે. કોલેજનું શૈક્ષણિક પાસુ અને વહીવટી માળખું ખૂબ જ નબળું જણાયું છે. આ પાસાને તાત્કાલિક સુધારવાની જરૂર છે.**

**૬. આર.સી.આઈ.ના નિમય મુજબ જરૂરી અલાયદી લેબોરેટરી બનાવવામાં આવે અને પાત્રતા ધરાવતા ટેકનિકલ આસીસ્ટન્ટની નિમણુંક કરવામાં આવે.**

**૭. યુનિવર્સિટીના નિયમ મુંજબ લાયકાત ધરાવતા લાયબ્રેરીયનની નિમણુંક કરવામાં આવે અને લાયબ્રેરી વ્યવસ્થિત કરવામાં આવે.**

**૮. અભ્યાસક્રમ સંબંધિત પુસ્તકો તથા મેગેઝીનો લાયબ્રેરીમાં ખરીદીને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આપવામાં આવે.**

**૯. જો અભ્યાસક્રમ ચલાવતાં ખોટ જાય તો તે ભરપાઈ કરવાની બાંયધરી આપવામાં આવે.**

**૧૦. યુનિવર્સિટીના O 69. A & B નું તથા અન્ય નિયમોનું યથાર્થ પાલન કરવામાં આવે. ઉપરાંત યુનિવર્સિટીના નિયમ મુજબ એફિલિએશન ફી તથા એફિલિએશન ચાર્જીસ ભરવામાં આવે.**

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ધીરજલાલ મગનલાલ ધ્રુવ શિક્ષણ મહાવિદ્યાલય, (બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન), સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે ચાલુ જોડાણ મેળવવા અંગેની પુનઃ ચકાસણી સમિતિના અહેવાલનો સ્વીકાર કરી, રાજય સરકારને ભલામણ કરવી.

## ૫. એકેડેમિક કાઉન્સિલ વતી મા. કુલપતિશ્રીએ મંજૂર કરેલ ભલામણ

નારણલાલા ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, નવસારીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં નીચે જણાવેલ શરતોની પૂર્તતા કરવાની શરતોને આધીન સદરહુ કોલેજનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે.

**શરતો :**

(૧) પૂર્ણકાલીન આચાર્યની નિમણૂક કરવામાં આવે.
(૨) વહીવટી કર્મચારીઓની નિયમ મુજબ નિમણૂક કરવામાં આવે.
(૩) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૯(એ) તથા ૬૯(બી)નું ચુસ્તપણે પાલન કરવામાં આવે.
(૪) લેડીઝ કોમન રૂમની વ્યવસ્થા કરવામાં આવે.
(૫) ઈન્ચાર્જ આચાર્યને સિનીયર સ્કેલ આપવામાં આવે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નારણલાલા ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, નવસારીની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે રાજય સરકારને ભલામણ કરવી.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત શરતોમાં નીચેની શરતોનો ઉમેરો કરવો.

(૬) આચાર્યશ્રીને ચાર્જ એલાઉન્સ આપવું.
(૭) **NCTE**ના નિયમ મુજબ બિનશૈક્ષણિક કર્મચારીઓનું મહેકમ બે મહિનામાં કરી જાણ યુનિવર્સિટીને કરવાની રહેશે.

## ૬. એકેડેમિક કાઉન્સિલ વતી મા. કુલપતિશ્રીએ મંજૂર કરેલ ભલામણ

સ્નાતક અધ્યાપન મંદિર (બેઝીક એજયુકેશન), વેડછી, જિ.ઃ સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯ માટે બી.એડ્. (બેઝિક એજયુકેશન) અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવેલ શરતોની પૂર્તતા કરવાની શરતોને આધીન સદરહુ કોલેજનું શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯ માટે બી.એડ્. (બેઝિક એજયુકેશન) અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પુનઃ ચકાસણી માટે એજ સમિતિ જશે અને જો અહેવાલ હકારાત્મક હોય તો ઘટતુ કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી અને નીચેની શરતોનો ઉમેરો કરવો.

– બે મહિનામાં વહીવટી કર્મચારીઓની નિમણૂંક કરવી.

**૭.** એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૩–૨૦૦૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૮) તેમજ સિન્ડિકેટની તા.૧૨–૮–૨૦૦૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૬) માં સુધારો કરવા સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈની મૌખિક રજૂઆત પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને પુન : વિચારણા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

**૮.** વડોદરા જિલ્લા સર્વોદય સેવા મંડળ, વડોદરા દ્વારા સૂચિત નવી સી.એન. પરમાર બુનિયાદી શિક્ષણ મહાવિદ્યાલય (જીબીટીસી બી.એડ્. બેઝીક કોલેજ), ઉદવાડા, કોલક,વલસાડની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંકઃ (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર તપાસ કરી, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૭–૦૪–૨૦૦૮ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૨૧) અન્વયે, સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરી સિન્ડિકેટે તા. ૯–૫–૨૦૦૮ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૫) અન્વયે, વિચારણા કરી, નિયુકત ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વડોદરા જિલ્લા સર્વોદય સેવા મંડળ, વડોદરા દ્વારા સૂચિત નવી સી.એન. પરમાર બુનિયાદી શિક્ષણ મહાવિદ્યાલય (જીબીટીસી બી.એડ્. બેઝીક કોલેજ), ઉદવાડા, કોલક,વલસાડની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૦૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું નવું જોડાણ અંગે ચકાસણી સમિતિનો અહેવાલનો સ્વીકાર કરી રાજય સરકારને ભલામણ કરવી.

**૯.** (૧) સનેઃ ૨૦૦૮–૨૦૦૯થી એમ.એસસી (આઈ.ટી.) પ્રોગ્રામ ખાતે ચાલતાં અભ્યાસક્રમ એમ.એસસી.(આઈ.ટી.) ના બી.એસસી.(આઈ.ટી.) ના પ્રથમ ત્રણ વર્ષ, એમ.એસસી(આઈ.ટી.) ના બે વર્ષ અને પી.જી. કોર્ષ એમ.એસસી. (આઈ.સી.ટી.) ના અભ્યાસક્રમની ફી વધારા બાબત.

(૨) એમ.એસસી.(આઈ.ટી.) પ્રોગ્રામ ખાતે ચાલતાં પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસક્રમ એમ.એસસી.(આઈ.સી.ટી.) ની સનેઃ ૨૦૦૮–૨૦૦૯ થી પ્રવેશ માટેની બેઠકો વધારવા બાબત.

(એમ.એસસી.આઈ.ટી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને **પરિશિષ્ટ : ' ક '** માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટ : ' ક ')**

૧૦. **AICTE** ના **norm** (પ્રમાણે એન્જિનીયરીંગ, ફાર્મસી, એમ.બી.એ., એમ.સી.એ. વગેરે કોલેજો/ ડિપાર્ટમેન્ટમાં આસિસ્ટન્ટ પ્રોફેસર/પ્રોફેસર/આચાર્યની નિમણૂંક માટે ઔદ્યોગિક અનુભવ ધરાવતા ઉમેદવારોને **Ph.D.** સમકક્ષ ગણી લાયક ગણવા અંગે તા. ૧૪–૧૨–૦૬ની એકેડેમિક કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે નિમેલ કમિટિએ યુનિવર્સિટીને સુપરત કરેલ અહેવાલ સંદર્ભે પ્રવર્તમાન ઈજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ કરેલ સૂચનો સિન્ડિકેટની વિચારણા માટે રજૂ કરવામાં આવ્યા હતા, જે સંદર્ભે સિન્ડિકેટે તેની તા. ૦૬–૦૨–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૭ થી શ્રી નૈમિષભાઈ ઝવેરીને પ્રસ્તુત સમિતિમાં હોદ્દાગત સભ્યપદ આપી સમિતિએ અગાઉ રજૂ કરેલ અહેવાલ સંદર્ભ પ્રો. નૈમિષભાઈ ઝવેરીના સૂચનોનો સમાવેશ કરી સમિતિ ફરી અહેવાલ યુનિવર્સિટીને સુપરત કરે એમ ઠરાવેલ છે, જે સંદર્ભે આ સમિતિની એક સભા સદર કામે તા. ૧૭–૦૫–૦૮ ના રોજ મળી હતી વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે સમિતિએ કેટલાક સુધારા સાથે યુનિવર્સિટીને સુપરત કરેલ અહેવાલ **(Revised Report)** પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને પુનઃ વિચારણા માટે એકેડેમિક કાઉન્સિલમાં ભલામણ કરવી.

૧૧. પ્રિ. એ. યુ. પટેલ સમિતિ ધ્વારા લેવાયેલ નિર્ણયો સામે હાઈકોર્ટ ઓફ ગુજરાતમાં દાખલ કરવામાં આવેલ પીટીશનના તા. ૦૮–૦૫–૦૮ ના ચૂકાદા મુજબ સમયસર કાર્યવાહી કરવા શ્રી એસ. જી. દેસાઈ, સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ) ગુજરાત રાજ્ય, ગાંધીનગરે તેમના તા. ૧૫–૦૫–૦૮ ના પત્ર અને તે સાથે મોકલેલ હાઈકોર્ટના તા. ૦૮–૦૫–૦૮ ના ચૂકાદાની નકલ પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નામદાર હાઈકોર્ટના ચુકાદાની નોંધ લેવી અને તેમાં જણાવ્યા મુજબની શરતો મુજબ જે તે સંસ્થાએ ફી રીફંડ માટેનો પ્રથમ હપ્તો નામદાર વડી અદાલતમાં ભરી તેની રસીદ રજૂ કરેથી તથા નામદાર વડી અદાલતના ચુકાદા મુજબ તમામ શરતોનું પરિપાલન કરવાની બાહેંધરી આપ્યા બાદ વિદ્યાર્થીઓ ફાળવવા.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

૧૨. યુનિવર્સિટી સંલગ્ન સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯ થી યુ.જી.સી. તરફથી **"Career Oriental Programme"** હેઠળ યુ.જી.સી. એ તા.૨૭/૩/૨૦૦૮ ના પત્રાંકઃ નં. ૪–૧૮૧/૨૦૦૮ **(COP)** માં ખાસ કેસ તરીકે ગ્રાંટ મંજૂર કરેલ છે. જેથી ખાસ કેસ તરીકે જૂન–૨૦૦૮થી પ્રસ્તુત કોર્ષ ચલાવવાની મંજૂરી આપવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૯/૨૦–૫–૨૦૦૮ના પત્રાંકઃયુજી/૧૦૪/૨૦૦૮–૨૦૦૯ થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સૈધ્ધાંતિક મંજૂરી આપવી અને અન્ય ઘટતી કાર્યવાહી માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૧૩.** વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, અડાજણ, સુરતની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯થી સ્વનિર્ભર અભ્યાસક્રમ સૂચિત એસ. આર. પટેલ બી.એડ્. નું નવું જોડાણ મેળવવા માટેની યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં પ્રસ્તુત ટ્રસ્ટના પ્રમુખશ્રીના તા.૨૨–૫–૨૦૦૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને પુન : વિચારણા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી અને આગળની કાર્યવાહી કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૧૪.** મા. સિન્ડિકેટ સભ્યો તરફથી વિવિધ કોલેજોના જોડાણની પ્રક્રિયા ઝડપથી થાય તે બાબતે રજૂઆત કરવામાં આવેલી તે અંગેવિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની આ વર્ષના જોડાણની બાકી રહેતી તમામ ભલામણો જો હકારાત્મક હોય તો સિન્ડિકેટ વતી મંજૂર કરવાની મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૧૫.** ગણિતશાસ્ત્ર વિભાગના શ્રી હરિશ ડૉક્ટર પાસેથી બિન અધિકૃત રીતે તેમની ગાડી તથા અંગત સૂટકેશમાંથી વિભાગના અધ્યક્ષ તથા સિકયુરીટી સુપરવાઈઝર શ્રી મેહુલ મોદી દ્વારા કબજે લેવાયેલ ઉત્તરવહીઓ અંગેની સિન્ડિકેટ સમક્ષ થયેલ રજૂઆત અંગે...

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. હરિશ ડોકટર પાસેથી જપ્ત કરેલ ઉત્તરવહીઓનું પંચનામું કરી કુલસચિવશ્રીને સુપ્રત કરવી તથા શ્રી હરિશ ડોકટરને શો કોઝ નોટીસ આપી વિગતવાર તપાસ કરવા મા. કુલપતિશ્રીને અધિકૃત કરવા તથા ઘટતી કાર્યવાહી કરવાની સત્તા આપવી.

**૧૬.** યુનિવર્સિટી કાર્યાલયના કુલસચિવશ્રી પ્રા. જે. આર. મહેતાનો પ્રોબેશન પીરીયડ તા. ૭ –૫–૨૦૦૭ના રોજ પૂર્ણ થતો હોય સિન્ડિકેટ વતી કુલસચિવશ્રી પ્રા. જે. આર. મહેતાને મા. કુલપતિશ્રીએ Confirm કર્યા હોય તેની જાણ સારૂ.

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૧૭.** **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૫૮૫૦/૨૦૦૮ **કુલસચિવ**
તા. ૪ – ૬ – ૨૦૦૮

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......